Australian Government

COVID-19 VACCINATION

# તમારા COVID-19 ફાઇઝર (ફાઇઝર) રસીકરણ પછી

છેલ્લો સુધારો: ૧૮ ઓગસ્ટ ૨૦૨૧

## રસી વિષે

આજે તમને **ફાઇઝર (ફાઇઝર ઓસ્ટ્રેલિયા પ્રા. લિ.) રસી** આપવામાં આવી છે.

આ રસી લોકોને COVID-19થી બિમાર થતા અટકાવી શકે છે. ફાઇઝર COVID-19 રસીમાં કોઇ જીવંત વાયરસ નથી, અને તે તમને COVID-19નો ચેપ લગાડી શકતું નથી. તેમાં સ્પાઇક પ્રોટીન તરીકે ઓળખાતો સારસ-કો વી-૨ વાયરસના મહ્ત્વના ભાગનો આનુવંશિક સંકેત (જીનેટિક કોડ) છે. રસી મેળવ્યા પછી તમારું શરીર સ્પાઇક પ્રોટીનની નકલો બનાવે છે. ત્યારપછી તમારી રોગપ્રતિકારક શક્તિ સાર્સ-કો વી-૨ વાયરસને ઓળખતા અને તેની સામે લડતાં શીખશે. શરીર જીનેટીક કોડનો ઝડપથી નાશ કરે છે.

## રસીકરણ પછી શું અપેક્ષા રાખવી

બીજી કોઇ પણ રસીની જેમ જ, COVID-19 રસી મુકાવ્યા પછી તમને કેટલીક આડઅસરો થઇ શકે છે.

**ફાઇઝર** પછીની **સામાન્ય** આડઅસરોમાં નીચેનાનો સમાવેશ થાય છેઃ

- ઇંજેક્શન મુક્યું હોય તે ભાગમાં દુખાવો અથવા સોજો
- થાક
- માથું દુખવું
- સ્નાયુઓમાં કળતર
- તાવ અને ઠંડી લાગવી
- સાંધાનો દુખાવો.

**ફાઇઝર** પછીની **ઓછી સામાન્ય** આડઅસરોમાં નીચેનાનો સમાવેશ થાય છેઃ

- ઇંજેક્શન મુક્યું હોય તે ભાગમાં લાલાશ
- ઉબકા
- વિસ્તૃત લસિકા ગ્રંથીઓ
- અસ્વસ્થ લાગવું
- અંગમાં પીડા
- અનિંદ્રા
- ઇંજેક્શન મુક્યું હોય તે ભાગમાં ખંજવાળ આવવી.

આ આડઅસરો સામાન્ય રીતે હળવી હોય છે અને તે સામાન્ય સંજોગોમાં એક કે બે દિવસમાં જતી રહે છે. આ રસીકરણથી કેટલાક રસીલેનારાઓને વધુ ફ્લુ જેવા લક્ષણોનો અનુભવ થશે અને સામાન્ય પ્રવૃત્તિઓમાંથી થોડો સમય આરામ લેવાની જરૂર પડી શકે છે. આ લક્ષણો કોઇ પણ ડોઝ પછી થઇ શકે છે, પરંતુ તે બીજા ડોઝ પછી થવાની શક્યતા વધુ છે.

જો તમને રસીકરણ પછી ઇંજેક્શન મુક્યું હોય તે ભાગમાં દુખાવો અથવા તાવ, માથું દુખવું અથવા શરીરમાં કળતર જણાતું હોય તો, તમે પેરાસિટામોલ અથવા આઇબુપ્રુફેન લઇ શકો છો. આમ કરવાથી કેટલાક ઉપરોક્ત લક્ષણોને ઘટાડવામાં મદદ મળે છે (તમારે પેરાસિટામોલ કે આઇબુપ્રુફેન રસીકરણ પહેલાં લેવાની જરૂર નથી). જો ઇંજેક્શન મુક્યું હોય તે ભાગમાં સોજો હોય તો, તમે ઠંડો શેક કરી શકો છો.

**ફાઇઝર** પછી **જવલ્લે** થતી જાણ કરવામાં આવેલ આડઅસરો આ પ્રમાણે છેઃ

- એનાફિલેક્સિસ નામની ગંભીર પ્રતિકૂળ પ્રતિક્રિયા (એલર્જીક રીએક્શન)
- માયોકાર્ડાઇટિસ (હૃદયના સ્નાયુનો સોજો) અને પેરીકાર્ડાઇટિસ (હૃદયની બહારના પાતળા આવરણમાં સોજો). મોટાભાગના નોંધાયેલા કેસો હળવા અને ઝડપથી સાજા થયા છે, જોકે આ કેસો પર લાંબા ગાળા માટે નજર રાખવામાં આવી રહી છે. મુખ્યત્વે બીજા ડોઝ પછી અને ખાસ કરીને (30 વર્ષથી ઓછી ઉંમરના) પુરૂષોમાં આ કેસો નોંધાયા છે.

રસીકરણ પછી તમારે તબીબી સહાય લેવી જોઇએ, જોઃ

- તમને લાગે કે, તમને એલર્જીક રીએક્શન થઇ રહ્યું છે. તમને શ્વાસ લેવામાં તકલીફ, સસણી, ઝડપી ધબકારા અથવા લથડી પડવું જેવા ગંભીર લક્ષણો જણાતાં હોય તો, 000 પર ફોન કરો
- તમને છાતીમાં દુખાવો, દબાણ અથવા અસ્વસ્થતા, અનિયમિત ધબકારા, ધબકારા છૂટી જવા (સ્કીપ્ડ) અથવા 'ફફડાટ', બેભાન થવું, શ્વાસ ચઢવો અથવા શ્વાસ લેતાં દુખાવો થવો
- તમે સંભવિત આડઅસર વિષે ચિંતિત છો અથવા નવા અથવા અનઅપેક્ષિત લક્ષણો ધરાવો છો
- તમને રસીની અપેક્ષિત આડઅસર થઇ છે જે થોડા દિવસ પછી દૂર નથી થઇ.

તાકીદના ન હોય તેવા લક્ષણો માટે તમે, તમારા નિયમિત આરોગ્ય સંભાળ પ્રદાતા (જેમ કે તમારા જીપી)ને બતાવી શકો છો.

## રસી સલામતી નિયંત્રણ અને આડઅસરોની જાણ

શંકાસ્પદ આડઅસરોની જાણ તમે તમારા રસીકરણ પ્રદાતાને અથવા અન્ય આરોગ્ય સંભાળ પ્રદાતાને કરી શકો છો. પછી તેઓ તમારા રાજ્ય અથવા પ્રદેશના આરોગ્ય ખાતાને અથવા સીધા જ થેરાપ્યુટિક ગૂડ્ઝ એડમિનિસ્ટ્રેશન (ટીજીએ)ને તમારા વતી ઔપચારિક રીતે સૂચિત કરશે.

જો તમે જાતે તેની જાણ કરવાનું પસંદ કરો તો, કૃપા કરીને ટીજીએની વેબસાઇટ પર COVID-19 રસી સાથે જોડાયેલ શંકાસ્પદ આડઅસરોની જાણ કરવાના વેબપેજની મુલાકાત લેશો અને તે પૃષ્ઠ પરની સૂચનાઓનું પાલન કરશો.

## રસીકરણ પછી COVID-19 તપાસ

COVID-19 રસીકરણ પછી થતી કેટલીક આડઅસરો COVID-19ના લક્ષણો જેવી જ હોય છે (ઉ.દા. તાવ). જો કે ફાઇઝરમાં કોઇ જીવંત વાયરસ નથી અને તે COVID-19નો ચેપ લગાડી શકતી નથી. તમારે કદાચ COVID-19 પરિક્ષણ કરાવવાની અથવા એકાંતવાસમાં જવાની (આઇસોલેટ થવાની) જરૂર ન પણ પડેઃ

- જો તમને રસીકરણ પછીના પ્રથમ બે દિવસમાં તાવ, માથાનો દુખાવો અથવા થાક જેવા સામાન્ય લક્ષણો જોવા મળે, અને
- જો તમને ખાતરી હોય કે તમને શ્વસનતંત્રના કોઇ લક્ષણો નથી (દા.ત. નાકમાંથી પાણી નીકળવું, ખાંસી, ગળામાં દુખાવો, ગંધ અથવા સ્વાદની ભાવના ગુમાવવી).

તેમ છતાં, સૌથી અદ્યતન માહિતી માટે તમારે, તમારા રાજ્ય/પ્રદેશની વર્તમાન માર્ગદર્શિકા જોવી જોઇએ. તમારા સ્થાનિક વિસ્તારમાં COVID-19 ફાટી નીકળવાની સ્થિતિમાં આ સલાહ બદલાઇ શકે છે. જો તમને અન્ય માપદંડો લાગુ પડતાં હોય, ઉદાહરણ તરીકે જાણીતા COVID-19 કેસના તમે નજીકના સંપર્કમાં હોવ, તો તમારે હજી પણ COVID-19ની તપાસ કરાવવાની જરૂર પડી શકે છે. જો શંકા હોય તો, તબીબી તપાસ કરાવો.

## તમારી બીજી એપોઇન્ટમેન્ટ યાદ રાખો.

તમે ફાઇઝર COVID-19 રસીના બે ડોઝ મેળવો તે અત્યંત જરૂરી છે. સામાન્ય રીતે આ ડોઝ 3-6 અઠવાડિયાના અંતરે આપવામાં આવે છે, પરંતુ ખાસ સંજોગોમાં વધુ લાંબો અંતરાલ રાખવાની ભલામણ કરી શકાય છે. બીજો ડોઝ COVID-19 સામે રક્ષણનો સમયગાળો લંબાવે તેવી શક્યતા છે.

## તમે તમારી એપોઇન્ટમેન્ટ દરમ્યાન આપેલી વિગતોનો ઉપયોગ કેવી રીતે કરવામાં આવે છે

તમારી અંગત માહિતી કેવી રીતે એકત્રિત, સંગ્રહ અને ઉપયોગ કરવામાં આવે છે તે વિષે વધુ માહિતી માટે https://www.health.gov.au/using-our-websites/privacy/privacy-notice-for-covid-19-vaccinations ની મુલાકાત લો.